# વરસાદની ધમાકેદાર ઈનિંગથી ભારે તબાહી



પારનેરા ડુંગર



ભાગડાવડા વિનાયક નગર



વલસાડ મોગરાવાડી ગરનાળું

| તાલુકો | વરસાદ (ઈંચમાં) |
|---|---|
| વલસાડ | ૧૦.૭૫ ઈંચ |
| પારડી | ૬.૪૬ ઈંચ |
| કપરાડા | ૬.૩૮ ઈંચ |
| ધરમપુર | ૫.૯૧ ઈંચ |
| વાપી | ૪.૬૯ ઈંચ |
| નાનાપોંઢા | ૪.૪૫ ઈંચ |
| ઉમરગામ | ૩.૮૨ ઈંચ |



ચીખલી



વઘઈ-સાપુતારા રોડ



હાલર પોસ્ટ ઓફિસ



તિથલ રોડ



ગણદેવી

# વલસાડ જિલ્લામાં આભ ફાટ્યું: 24 કલાકમાં 10.75 ઈંચ

**વલસાડ** શહેરમાં નગર પાલિકાના પ્રિમોન્સુન કામગીરીના ધજાગરા... એમ.જી.રોડ,ધોબી તળાવ ,રામવાડી સહિતના વિસ્તારોમાં માર્ગો ઉપર પાણી ભરાયા

**અબ્રામા** વિસ્તારમાં પણ પાણી જ પાણી..ધોબી તળાવ વિસ્તારમાં 100થી વધુ ઘરોમાં પાણી ભરાતા અનાજ સહિત ચીજવસ્તુઓ પલળી ગઈ

વલસાડઃ જિલ્લામાં લાંબા વિલંબથી આવેલા મેઘરાજાએ ધબધબાટી બોલાવી દીધી છે. શુક્રવારે માત્ર 2 કલાકમાં 6 ઈંચથી વધુ વરસાદ પડતા વલસાડ શહેરના લગભગ તમામ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના અબ્રામા વિસ્તારમાં પણ પાણી નિકાલ અભાવે લોકોના ઘરોમાં પાણી ભરાયા હતા. એ જ રીતે ધોબી તળાવ વિસ્તારમાં 100થી વધુ ઘરોમાં પાણી ભરાયા હતા. તો બીજી તરફ શહેરના એમ જી.રોડ, તિથલ રોડ, રામવાડી સહિતના વિસ્તારોમાં માર્ગો ઉપર પાણી ભરાતા દુકાનોમાં પાણી ઘૂસી ગયા હતા. છેલ્લા 24 કલાકમાં વલસાડમાં 10.75 ઈંચ વરસાદ ખાબકતાં કેટલાક વિસ્તારો ટાપુમાં ફેરવાયા હતા.

### 40 ગામોના લોકોને 10 કિ.મી.નો ફેરાવો

વલસાડ શહેરને વલસાડ તાલુકા અને ખેરગામ સહિતના વિસ્તારના આશરે 40 ગામોના હજારો લોકો માટેના આવાગમન માટેના મહત્વના છીપવાડ રેલવે ગરનાળામાં પાણી ભરાતા વાહનવ્યવહાર બંધ થતા વાહનચાલકોએ વાયા ડુંગરી કે ધરમપુર ચોકડી થઈ આશરે 10 કિ.મી.નો ફેરાવો ફરવાની ફરજ પડી હતી. તકેદારીના ભાગરૂપે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

### મેદાન બન્યું તળાવ...

વલસાડના બી.ડી. સી. એ.ના સરદાર પટેલ સ્ટેડિયમ મેદાનમાં પાણી ભરાતા મેદાન તળાવ જેવું બની ગયું હતું. સ્ટેડિયમના ચારેકોર પાણી જ પાણી જોવા મળ્યું હતું.

### શાળાઓમાં રજા જાહેર કરાઈ....

વલસાડ જીલ્લામાં ભારે વરસાદને લઈ વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈ વહીવટીતંત્ર દ્વારા વલસાડ, ધરમપુર અને કપરાડા તાલુકાની શાળાઓમાં રજા જાહેર કરાઈ હતી. જોકે શિક્ષકોએ શાળામાં હાજર રહેવાનું હતું. જયારે પારડી, ઉમરગામ અને વાપી તાલુકામાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ આચાર્યોએ નિર્ણય લેવાનો રહેશે તેવો આદેશ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કરાયો હતો.

### સુરક્ષા હેતુસર 41 માર્ગોને બંધ કરી દેવાયા

ભારે વરસાદને લઈ માર્ગ મકાન વિભાગે બપોર સુધીમાં વલસાડ જિલ્લાના 41 માર્ગોને બંધ કરી દેવાયા હતાં. જેમાં પારડી તાલુકામાં 18 માર્ગો અને વલસાડ તાલુકામાં 22 માર્ગોનો સમાવેશ થાય છે.

### નનકવાડમાં ઘૂંટણસમાં પાણી

વલસાડને અડીને આવેલા નનકવાડામાં નીચાણવાળા વિસ્તારોમાં સોસાયટીઓમાં પાણી ભરાયા હતાં. મહત્તમ સોસાયટીના પાર્કિંગમાં ઘૂંટણસમા પાણી ભરાતા લોકોને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું.

### દરિયામાં ઓટના કારણે પાણી તુરંત ઓસરી ગયું

વલસાડમાં આજે સવારે બે કલાકમાં જ 6 ઈંચ વરસાદ વરસતા વલસાડની હાલત કફોડી થઈ ગઈ હતી. જોકે વલસાડના દરિયામાં ઓટ હોવાના કારણે ઔરંગા નદી છલકાઈ ન હતી અને છીપવાડ તરિયાવાડમાં પાણી ભરાયાં ન હતા. છીપવાડ દાણા બજાર મોટી રેલથી બચી ગયું હતું.

### સ્કૂલોએ જલ્દી રજા જાહેર ન કરતાં અનેક વિદ્યાર્થીઓ અટવાયા

વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીએ સવારે 6 કલાકે જ શાળા સંચાલકોને સ્કૂલમાં રજા જાહેર કરવાની છૂટ આપી હતી. જોકે, શાળા સંચાલકોએ સમય પર રજા જ જાહેર ન કરતા અનેક વાલીઓ વિદ્યાર્થીઓ સાથે વરસાદમાં ફસાયા હતા. શાળા સંચાલકોએ 7 વાગ્યા પછી રજાનો મેસેજ કરતાં વાલીઓ અટવાયા હતા.

### પાલિકાના પાપે તિથલ રોડ પર કાર ફસાઇ, ખેંચીને કાઢવી પડી

જેમાં તિથલ રોડ પર પાલિકાના પાપે જ પાણી ભરાયા હોવાનું જોવા મળ્યું હતુ. ભાગડાવડા ગામની કાંસમાં પુરાણના કારણે અને પાલિકાની પ્રિમોનસૂન કામગીરીના અભાવના કારણે પાણીનો ભરાવો થયો હતો. જેના કારણે લોકોની હાલત બગડી ગઇ હતી. લોકોની પરિસ્થિતિ કફોડી બની ગઇ હતી.

## નવસારી જિલ્લામાં ધોધમાર વરસાદ યથાવત્: વાંસદામાં 10 ઇંચ, તંત્ર એલર્ટ

**ચીખલીમાં** 232, ગણદેવીમાં 198, ખેરગામમાં 154, નવસારીમાં 55 અને જલાલપોરમાં 51 મિમી વરસાદ

નવસારીઃ નવસારી જિલ્લામાં છેલ્લા 24 કલાકથી સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે જિલ્લાભરમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે, જ્યારે નદીઓ અને કોઝવેમાં પાણીની આવક સતત વધી રહી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રે તમામ સંબંધિત વિભાગોને એલર્ટ પર રાખી સતત મોનિટરિંગ શરૂ કર્યું છે.

શુક્રવારે સાંજે 4 વાગ્યા સુધીના સત્તાવાર વરસાદી આંકડા મુજબ જિલ્લામાં સરેરાશ 155 મિમી વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ વાંસદા તાલુકામાં 241 મિમી નોંધાયો હતો, જ્યારે ચીખલીમાં 232 મિમી, ગણદેવીમાં 198 મિમી, ખેરગામમાં 154 મિમી, નવસારીમાં 55 મિમી અને જલાલપોરમાં 51 મિમી વરસાદ નોંધાયો હતો.

ભારે વરસાદના કારણે નવસારીની મુખ્ય પૂર્ણા નદીમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. નદીનું જળસ્તર 16 ફૂટ સુધી પહોંચતાં નદીકાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં વિશેષ સતર્કતા રાખવામાં આવી રહી છે. ઉપરવાસમાં પણ સતત વરસાદ ચાલુ હોવાથી આગામી કલાકોમાં જળસ્તરમાં વધુ વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

જિલ્લા વહીવટીતંત્રે બચાવ અને રાહત માટેની તમામ ટીમોને તૈયાર રાખી છે. નીચાણવાળા વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂર પડે તો તાત્કાલિક સ્થળાંતર સહિતની કામગીરી હાથ ધરી શકાય તે માટે પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

વહીવટીતંત્રે નાગરિકોને નદી, કોઝવે અને પાણી ભરાયેલા વિસ્તારોમાં ન જવા, બિનજરૂરી મુસાફરી ટાળવા અને માત્ર સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. સાથે જ ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને દરેકને સાવચેતી રાખવા અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક સ્થાનિક તંત્રનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચીખલીમાં બે કલાકમાં 8 ઇંચ સહિત ૧૮ કલાકમાં 11.52 ઇંચ વરસાદ

**અનેક** રસ્તા પર પાણી ફરી વળ્યાં, ચીખલી તાલુકાનો મોસમનો કુલ વરસાદ 19.04 ઈંચ થયો

ચીખલી: ચીખલીમાં વહેલી સવારે મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા વીજળીના કડાકા-ભડાકા સાથે આઠ વાગ્યાના બે કલાકમાં આઠ ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણીની રેલમછેલ સાથે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું. રાત્રે દસથી બપોરે બે વાગ્યા સુધીના ૧૮ કલાકમાં ૧૧.૫૨ ઈંચ વરસાદ ખાબકતા નદીઓ ગાંડીતૂર બની હતી. ચીખલી નજીકના સમરોલીમાં કાલાખાડીમાં પાણીની નિકાલની વ્યવસ્થાના અભાવે સંખ્યાબંધ ઘરોમાં પાણી ભરાઈ જતા અનેક પરિવારો મુશ્કેલીમાં મૂકાયા હતા.

આમધરા ગામની પ્રાથમિક શાળામાં પાણી ભરાવા ઉપરાંત નેશનલ હાઇવે પર પણ ઠેર ઠેર પાણી ભરાતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.ચીખલી તાલુકામાં નવ જેટલા માર્ગો પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ થયો હતો.

તાલુકામાં ગુરુવારે સવારે ૮ વાગ્યાના બે કલાકમાં જ ધોધમાર ૮-ઈંચ વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાવા સાથે સામાન્ય જનજીવન પ્રભાવિત થઇ ગયું હતું.

ચીખલી નજીકના સમરોલીમાં કાલાખાડીમાં પાણીના નિકાલમાં અવરોધને પગેલ કચ્છીચાલમાં મોટાભાગના ઘરોમાં ઘૂંટણસમાં પાણી ભરાતા અનેક પરિવારો કફોડી હાલતમાં મૂકાયા હતા. ઘરોમાં રાચરચિલું,અનાજ-કઠોળ પલળી જતા મોટું નુકસાન થયું હતું. કેબિનેટ મંત્રી નરેશભાઇ પટેલ, આર્યા ગ્રુપના કલ્પેશભાઇ સહિતના સ્થળ ઉપર પહોંચી ગયા હતા. મંત્રી નરેશભાઇ પટેલે અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. દસ વાગ્યા બાદ વરસાદનું જોર ઘટવા પામ્યું હતું. આ દરમ્યાન સર્કિટ હાઉસ આગળ પણ પાણી ભરાયા હતા. તલાવચોરા રોડ પર કાવેરી નદીના બ્રિજ પહેલાના નાળા પાસે પણ માર્ગ પર પાણી ભરાતા વાહન વ્યવહારને અસર થઈ હતી. સાદકપોરના ગોલવાડ અને સોલધરા ગામમાં પણ એસપી નગર અને ટેકરી ફળીયા પાસે માર્ગ પર પાણી ભરાયા હતા.

ચીખલી નજીકના થાલામાં શરૂઆતમાં જ તળાવ ઓવરફલો થયું હતું. વંકાલ ગામે નહેરના પાળાની સફાઈ બાદ કચરો નહેરમાં જ નાખવામાં આવતા અવરોધ ઉભો થતા સુંદર ફળીયામાં કેટલાક ઘરોની પાછળ પાણી પહોંચી જતા સ્થાનિક આગેવાન દિપકભાઇ સોલંકી દ્વારા જાણ કરાતા સિંચાઈ વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચી નહેરની તાબડતોડ સફાઈ કરાવાઇ હતી.

તાલુકામાંથી પસાર થતી અંબિકા,કાવેરી,ખરેરા સહિતની લોકમાતાઓ અને સ્થાનિક કોતરોમાં પણ પાણીની આવકમાં વધારો થયો હતો.

### લાખોના ખર્ચે બનેલી સરકારી વકીલની ઓફિસ, બાર રૂમમાં પાણી પાણી

ચીખલી કોર્ટમાં થોડા સમય પૂર્વે લાખો રૂપિયાના ખર્ચે નિર્માણ કરાયેલ સરકારી વકીલ અને બાર રૂમમાં ઠેર ઠેર પાણી ટપકતા વકીલોએ છત્રી ઓઢીને બેસવાની નોબત આવી હતી અને પાણી એટલી માત્રામાં ભરાયું હતું કે, ઉલેચીને બહાર કાઢવાની નોબત આવી હતી. કેટલાક રેકર્ડને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. બાર રૂમ અને સરકારી વકીલની કચેરીની છત લોખંડની એંગલ અને પતરાની હોવાથી અને તેમાંથી જ લાઈટ પંખા હોય વીજકરંટ પસાર થવાની પણ ભીતિ સેવાઇ રહી હતી.

### ચીખલી તાલુકામાં બંધ કરાયેલા માર્ગો

રૂમલા-ચીરપાડા-નડગધરી રોડ,સોલધરા-નાયકીવાડ રોડ,પીપલગભણ-લક્ષ્મીનારાયણ મંદિર રોડ,ચરી પ્રાયમરી સ્કૂલથી ઉખડ ફળીયાથી ખેરગામ રોડ,સાદકપોર-ગોલવાડ જોઈનીંગ તલાવચોરા રોડ,ઘેજ વાંઝરી ફળીયાથી ચરી ખુશાલ ફળીયા રોડ,તેજલાવ આશ્રમથી અરવાડા રોડ,સાદકપોર નદી ક્વોરી ફળીયા રોડ,થાલા બગલાદેવ મંદિરથી થાલા ગામતળથી નેશનલ હાઇવે રોડનો સમાવેશ થાય છે.